
# પંચમહાલનું 'મિની મોઢેરા' : પથ્થરોમાં ધબકતો સોલંકી યુગનો વૈભવ અને કાંકણપુરની ઐતિહાસિક દાસ્તાન











પંચમહાલ જિલ્લો સામાન્ય રીતે તેના જંગલો, ડુંગરો અને આદિવાસી સંસ્કૃતિ માટે ઓળખાય છે. પરંતુ ગોધરાથી થોડે અંતરે આવેલું એક ગામ એવું છે જે ઈતિહાસના પાનાઓ પર 'સુવર્ણ અક્ષરે' લખાયેલું છે. આ ગામ એટલે 'કાંકણપુર'. બહારથી શાંત દેખાતા આ ગામમાં પ્રવેશતાની સાથે જ તમને ૧૨મી-૧૩મી સદીના ગુજરાતના સુવર્ણકાળ એવા સોલંકી યુગમાં પહોંચી ગયા હોવાનો અહેસાસ થાય છે. 'કંકાવટી નગરી' તરીકે ઓળખાતું આ ગામ માત્ર રેસિડેન્શિયલ વિસ્તાર નથી, પરંતુ એક જીવંત મ્યુઝિયમ છે.

**પથ્થરોમાં કંડારાયેલું કાવ્ય: મહાદેવ મંદિર**

કાંકણપુરની સૌથી મોટી ઓળખ અહીં આવેલું પ્રાચીન શિવાલય છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ અને ઈતિહાસના તથ્યો મુજબ, આ મંદિરનું નિર્માણ ૧૩મી સદીની આસપાસ થયેલું મનાય છે. મંદિરના પરિસરમાં પગ મૂકતા જ તમને મહેસાણાના પ્રખ્યાત 'મોઢેરા સૂર્યમંદિર'ની ઝાંખી થાય છે.

આ મંદિર 'મારુ-ગુર્જર' શૈલીનું ઉત્તમ ઉદાહરણ છે. મંદિરના ગર્ભગૃહ, સભામંડપ અને શિખરની રચના અદભુત છે. મંદિરની બહારની દીવાલો (મંડોવર) પર કંડારાયેલી મૂર્તિઓ આજે પણ તે સમયના શિલ્પીઓની હથોડી અને ટાંકણાના કમાલની સાક્ષી પૂરે છે. અહીં ગણેશજી, ભૈરવ અને અન્ય દેવી-દેવતાઓની કલાત્મક મૂર્તિઓ જોવા મળે છે. ખાસ કરીને અપ્સરાઓ અને સામાજિક જીવન દર્શાવતા શિલ્પોમાં જે બારીકાઈ છે–જેમ કે આભૂષણોની ડિઝાઈન અને ચહેરાના હાવભાવ–તે જોતા લાગે છે કે પંચમહાલની ધરતી પર કલા અને સંસ્કૃતિ કેટલી સમૃદ્ધ હશે!

**કેન્દ્ર સરકાર દ્વારા 'રાષ્ટ્રીય સ્મારક' ઘોષિત**

ઘણા ઓછા લોકોને જાણ હશે કે ગામની વચ્ચે આવેલું આ મહાદેવ મંદિર માત્ર ગામની મિલકત નથી, પરંતુ રાષ્ટ્રની સંપત્તિ છે. ભારત સરકારના પુરાતત્વ વિભાગ (ASI - Vadodara Circle) દ્વારા આ મંદિરને 'રાષ્ટ્રીય મહત્વના સ્મારક' (Monument of National Importance) તરીકે જાહેર કરવામાં આવ્યું છે અને તેને પ્રોટેક્ટેડ મોન્યુમેન્ટના લિસ્ટમાં સ્થાન મળેલું છે. આ બહુમાન સાબિત કરે છે કે કાંકણપુરનું ઐતિહાસિક મૂલ્ય કેટલું ઊંચું છે.

**૧૩મી સદીના શિલ્પ-સ્થાપત્યનો જીવંત દસ્તાવેજ: જ્યાં એક તરફ છે ASI દ્વારા સંરક્ષિત અને બીજી તરફ પાવાગઢ સુધીના ભોંયરાની રોચક લોકવાયકા ધરાવતી ઐતિહાસિક વાવ.**

**રહસ્યમયી વાવ અને પાવાગઢ સુધીનું ભોંયરું**

મંદિરની થોડે દૂર આવેલી પથ્થરોથી નિર્મિત ઐતિહાસિક વાવ કાંકણપુરના ઈતિહાસનું બીજું મહત્વનું પ્રકરણ છે. આ વાવ સાથે એક અત્યંત રોચક લોકવાયકા જોડાયેલી છે જે વાચકોમાં કુતૂહલ જગાડે છે.

ગામના વડીલો અને જાણકારોના મતે, એક સમયે આ વાવની અંદર એક ગુપ્ત ભોંયરું હતું. લોકવાયકા એવી છે કે આ ભોંયરાનો રસ્તો કાંકણપુરથી સીધો પાવાગઢ ડુંગર સુધી નીકળતો હતો. રાજાશાહી સમયમાં યુદ્ધ કે કટોકટીના સમયે રાજવી પરિવારો સુરક્ષિત રીતે ચાંપાનેર-પાવાગઢ પહોંચી શકે તે માટે આ ગુપ્ત માર્ગનો ઉપયોગ થતો હતો. જોકે, સમયના વહેણ સાથે આ માર્ગો પુરાઈ ગયા છે, પણ આ દંતકથા આ જે પણ ગામના ચોરે ચર્ચાય છે.

**લાખા વણઝારાની વાત કે સોલંકી રાજાઓનું કામ?**

આ વાવના નિર્માણ અંગે બે મત છે. સ્થાનિક લોકવાયકા મુજબ આ વાવ પ્રખ્યાત લાખા વણઝારાએ બંધાવી હતી. વણઝારાઓ જ્યાં પડાવ નાખતા ત્યાં પાણી માટે આવી વાવો બનાવતા. પરંતુ પુરાતત્વના નિષ્ણાતો માને છે કે વાવની કોતરણી અને બાંધકામની શૈલી રાજવી છે, જે સોલંકી રાજાઓ અથવા કોઈ ધનવાન શ્રેષ્ઠીએ બંધાવી હોવાની શક્યતા વધુ છે.

**'હેરીટેજ ટુરિઝમ'ની ઉજળી તકો**

કાંકણપુર પાસે તે બધું જ છે જે એક પ્રવાસન સ્થળ પાસે હોવું જોઈએ. ૧૩મી સદીના મંદિરો, કલાત્મક વાવ અને રોચક ઈતિહાસ. જો મોઢેરાની જેમ કાંકણપુરનો પણ વિકાસ કરવામાં આવે, તો પંચમહાલ જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રે નવી ક્રાંતિ આવી શકે તેમ છે. આ વારસો માત્ર જાળવણી માંગે છે, જેથી આવનારી પેઢીઓ જાણી શકે કે તેમનું ગામ ભૂતકાળમાં કેટલું સમૃદ્ધ હતું.

### એક નજરે કાંકણપુરનો વારસો

- પ્રાચીન નામ : કંકાવટી નગરી.
- મુખ્ય સ્થાપત્ય: મહાદેવ મંદિર અને ઐતિહાસિક વાવ.
- સમયગાળો : ૧૨મી-૧૩મી સદી (સોલંકી યુગ).
- વિશેષતા : ASI દ્વારા સંરક્ષિત રાષ્ટ્રીય સ્મારક.
- સામ્યતા : મોઢેરાના સૂર્યમંદિર જેવી શિલ્પકળા.
- રહસ્ય : વાવમાંથી પાવાગઢ જતું ગુપ્ત ભોંયરું હોવાની લોકવાયકા.

**(માહિતી સંકલન : આશિષ બારીઆ, ગામ : પઢિયાર)**

### કાંકણપુરના સ્થાપત્યની ચાર અજાયબીઓ

૧. **વડનગર અને મોઢેરાની હરોળમાં મૂકતું 'કીર્તિતોરણ'** : ગુજરાતના સ્થાપત્ય વારસામાં 'કીર્તિતોરણ'નું અનેરું મહત્વ છે, પણ તે ખૂબ જ દુર્લભ છે. સામાન્ય રીતે લોકો કીર્તિતોરણ માટે વડનગર, મોઢેરા, કપડવંજ કે પીલુદરાને યાદ કરે છે. પરંતુ ગૌરવની વાત એ છે કે આ યાદીમાં હવે પંચમહાલનું કાંકણપુર પણ સામેલ છે. અહીં મંદિરની સામે અડીખમ ઉભેલું ભવ્ય કીર્તિતોરણ તે સમયના રાજાઓના વિજય અને વૈભવની સાક્ષી પૂરે છે. આવું સ્થાપત્ય આખા ગુજરાતમાં ભાગ્યે જ જોવા મળે છે, જે કાંકણપુરને મળેલું વરદાન છે.

૨. **પથ્થરોમાં કંડારાયેલું સૌંદર્ય** : આ મંદિરની દીવાલો માત્ર ધાર્મિક આસ્થા પૂરતી સીમિત નથી, પણ કલાનો જીવંત નમૂનો છે. અહીં દેવી-દેવતાઓની સાથે સાથે 'સુરસુંદરી' ના અદભુત શિલ્પો કંડારેલા છે. મંદિરની બહારની દીવાલો પર સોલંકી યુગની પરંપરા મુજબ વિવિધ મુદ્રાઓમાં ઊભેલી 'સુરસુંદરીઓ' (અપ્સરાઓ) અને શૃંગાર રસ દર્શાવતા શિલ્પો જોવા મળે છે, જે મોઢેરાના સૂર્યમંદિરની યાદ અપાવે છે. પથ્થરોમાં આટલા બારીક ભાવ ઉપસાવવા એ તે સમયના કારીગરોની શ્રેષ્ઠતા દર્શાવે છે.

૩. **વાસ્તુશાસ્ત્રનો ચમત્કાર** : 'પંચરથ' શૈલી : મંદિરના બાંધકામમાં વિજ્ઞાન અને કલાનો સુમેળ જોવા મળે છે. આ મંદિરનું તળિયું 'પંચરથ' આકારનું છે. એટલે કે, સીધી દીવાલના બદલે તેમાં ખૂણાઓ અને વળાંકો આપવામાં આવ્યા છે. આ રચનાને કારણે જ્યારે સૂર્યના કિરણો મંદિર પર પડે છે, ત્યારે દીવાલો પર પ્રકાશ અને પડછાયા (Light and Shadow) ની એક સુંદર ભાત ઉપજે છે, જે મંદિરના સૌંદર્યને ઓર નિખારે છે.

૪. **દિલ્હી સુધી ગુંજતી કીર્તિ** : 'રાષ્ટ્રીય મહત્વનું સ્મારક' : ઘણા સ્થાનિક લોકો પણ કદાચ માનતા હશે કે આ માત્ર ગામનું એક જૂનું મહાદેવ મંદિર છે. પણ વાસ્તવમાં આ મંદિરનું મહત્વ દિલ્હી સુધી અંકાયેલું છે. ભારત સરકારના પુરાતત્વ વિભાગ (ASI) દ્વારા આ મંદિરને 'રાષ્ટ્રીય મહત્વનું સ્મારક' (Monument of National Importance) જાહેર કરવામાં આવ્યું છે. જે રીતે તાજમહેલ કે લાલ કિલ્લો રક્ષિત સ્મારકો છે, તે જ કાયદા હેઠળ કાંકણપુરના આ મંદિરને પણ સંરક્ષિત કરવામાં આવ્યું છે, જે પંચમહાલ જિલ્લા માટે ગૌરવની બાબત છે.

---

**શરીર સાથ નથી આપતું પણ સુર સાથ આપે છે**

# ડેસરના 80% દિવ્યાંગ યુવાને ગરીબી અને લાચારીને મ્હાત આપી પોતાનું ગીત રિલીઝ કર્યું

કહેવાય છે કે કલા કોઈ પરિસ્થિતિની મોહતાજ નથી હોતી. વડોદરા જિલ્લાના ડેસર તાલુકાના ગોપરી ગામના એક યુવાને આ વાતને સાર્થક કરી બતાવી છે. 80 ટકા શારીરિક વિકલાંગતા રહેવા માટે પાકું મકાન નહીં અને પિતા હોટલમાં મજૂરી કરતા હોય તેવી અત્યંત કપરી પરિસ્થિતિ વચ્ચે પણ દિવ્યાંગ પરમાર નામના યુવાને પોતાની કલમ અને અવાજને જીવંત રાખ્યા છે. દિવ્યાંગે પોતે લખેલું અને ગાયેલું નવું પ્રેમગીત 'મારા દિલમાં રહેજો' હાલમાં તેની યુટ્યુબ ચેનલ પર રિલીઝ કર્યું છે.

દિવ્યાંગ પરમાર જન્મથી જ 80 ટકા વિકલાંગતા ધરાવે છે. તેના હાથ અને પગ બિલકુલ કામ કરતા નથી જેના કારણે તે હલનચલન માટે પણ અન્ય પર નિર્ભર છે. ત્રણ બહેનો વચ્ચે એકના એક ભાઈની આવી સ્થિતિ જોઈ પરિવાર હંમેશા ચિંતિત રહે છે. પરિવારની આર્થિક સ્થિતિ પણ પાયમાલ છે. પિતા વડોદરાની એક હોટલમાં સામાન્ય નોકરી કરીને માંડ ગુજરાન ચલાવે છે. રહેવા માટે પોતાનું કહી શકાય તેવું સારું ઘર પણ નથી, તેમ છતાં દિવ્યાંગની અંદર રહેલા કલાકારે હિંમત હારી નથી.

દિવ્યાંગ પરમારને તેના સંગીતના સપનામાં જાણીતા કવિ અને શિક્ષક ડો મહેન્દ્ર પરમાર સહિત ગીતકાર કિરણકુમાર સિથોલ અને પ્રખ્યાત સંગીતકાર હરિ ભરવાડનો સહયોગ સાંપડ્યો છે. દિવ્યાંગે પોતે મર્યાદિત સુવિધાઓ વચ્ચે ગીત રેકોર્ડ કરાવીને યુટ્યુબ ચેનલ 'Divyangparmarofficial' પર અપલોડ કર્યું છે. આ ગીત માત્ર એક પ્રેમગીત નથી, પણ એક દિવ્યાંગ કલાકારનો દુનિયાને આપતો સંદેશ છે કે જો મન મક્કમ હોય તો શરીરની મર્યાદાઓ આડે આવતી નથી.



દિવ્યાંગ પરમાર જેવા પ્રતિભાશાળી યુવાનો જ્યારે આવી વિપરીત સ્થિતિમાં કંઈક નવું કરવાનો પ્રયાસ કરે છે, ત્યારે તેમને માત્ર સહાનુભૂતિની નહીં પણ પ્રોત્સાહનની જરૂર હોય છે. ગોપરી ગામનો આ યુવાન આજે ડિજિટલ યુગના માધ્યમથી પોતાની ઓળખ ઊભી કરવા મથામણ કરી રહ્યો છે. તેની આ સંઘર્ષગાથા એવા અનેક લોકો માટે પ્રેરણારૂપ છે જેઓ નાની મુશ્કેલીઓમાં હિંમત હારી જતા હોય છે.



---



# એવરેસ્ટર નિશા અને આઠ વર્ષની નિક્ષાએ અરુણાચલથી મુંદ્રા સુધીની સાયકલ યાત્રા કરી પૂર્ણ

વડોદરાની બે દીકરીઓ એવરેસ્ટર નિશા તથા આઠ વર્ષીય નિક્ષાએ પેડલ ટુ પ્લાન્ટ, વૃક્ષો વાવવાના સંદેશ સાથે લાંબી સાયકલ યાત્રા પૂર્ણ કરી છે. આ બન્ને દીકરીઓએ અરુણાચલ પ્રદેશથી સાયકલ યાત્રા શરૂ કરી હતી અને ૬૪ દિવસ સુધી સાત રાજ્યોના ૧૦૦થી પણ વધુ શહેરોમાં ફરી હતી. આટલા દિવસમાં તેઓ ૪૫૫૪ કિલોમિટરનું અંતર કાપી મુંદ્રા પહોંચ્યા હતા. જ્યાં તેમની યાત્રા પૂર્ણ થઈ છે.

આ અભિયાન દ્વારા દેશના ઈતિહાસમાં પ્રથમવાર લાંબી બહુ-રાજ્ય સાયકલિંગ યાત્રાને વ્યાપક સ્તરે વૃક્ષારોપણ સાથે સંકલિત કરી રાષ્ટ્રીય કક્ષાએ નવી દિશા સ્થાપિત કરવામાં આવી છે. આ અભિયાન દરમિયાન ટીમે ભારતના સાત રાજ્યોમાંથી પસાર થઈ વિવિધ ભૂગોળીય અને હવામાન સંબંધિત પડકારોનો સામનો કર્યો હતો. પર્વતીય માર્ગો, અઘરા રસ્તાઓ, તીવ્ર હવામાન, જોરદાર પવન તથા લાંબા અંતરની શારીરિક કઠિનતાઓ વચ્ચે પણ ટીમે અડગ સંકલ્પ, શિસ્ત અને દેશપ્રેમની ભાવના સાથે આ યાત્રાને પૂર્ણ કરી છે. અભિયાનના મુખ્ય ઉદ્દેશરૂપે સમગ્ર દેશમાં એક લાખથી વધુ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું છે. આ પ્રયાસ દ્વારા હવામાન પરિવર્તન સામે જાગૃતિ, પર્યાવરણ સંરક્ષણ, ફિટ ઈન્ડિયા અભિયાન અને ટકાઉ જીવનશૈલીના સંદેશને જનમાનસ સુધી પહોંચાડવામાં આવ્યો છે. સાથે સાથે યાત્રા દરમિયાન ભારતની વૈવિધ્યસભર સંસ્કૃતિ, પરંપરા અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાનું પ્રતિબિંબ પણ જોવા મળ્યું છે.

**"Pedal to Plant"ના સંદેશ સાથે સાત રાજ્યોમાં ૬૪ દિવસ ફરી ૪૫૫૪ કિલોમિટર લાંબી સાયકલ યાત્રા કરી**

ભારતમાં આજ સુધી કોઈપણ વ્યક્તિ અથવા ટીમ દ્વારા વ્યાપક અંતર આવરી લેતી અને પર્યાવરણ સંરક્ષણને કેન્દ્રમાં રાખતી સાયકલિંગ યાત્રા કરવામાં આવી નથી, જેના કારણે "Pedal to Plant" અભિયાન રાષ્ટ્રીય સ્તરે એક ઐતિહાસિક સિદ્ધિ તરીકે સ્થાન પામે છે.

મુન્દ્રા પહોંચતા અભિયાન ટીમનું અદાણી હાઉસ ખાતે ગૌરવસભર સ્વાગત કરવામાં આવ્યું હતું, જ્યાં તેમના અનુશાસન, સાહસ અને સામાજિક-પર્યાવરણલક્ષી યોગદાનને વિશેષરૂપે પ્રશંસા આપવામાં આવી હતી. આ અવસરે "Pedal to Plant" અભિયાન સાથે જોડાયેલા તમામ સંસ્થાઓ અને વિભાગો પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ, માનનીય રમતગમત મંત્રીશ્રી, સંરક્ષણ દળો, પોલીસ વિભાગો, વિવિધ રાજ્ય પ્રશાસનો, સ્વૈચ્છિક સંસ્થાઓ, રમતગમત સંસ્થાઓ તેમજ સમગ્ર માર્ગ દરમિયાન સહયોગ આપનાર નાગરિકોના યોગદાનને અભિયાનની સફળતામાં મહત્વપૂર્ણ ગણાવવામાં આવ્યું છે. અભિયાનનું નેતૃત્વ એવરેસ્ટ વિજેતા, આંતરરાષ્ટ્રીય પર્વતારોહક અને ઈન્ડિયા ટુ લંડન સાયકલિસ્ટ એવા નિશા બહેન દ્વારા કરવામાં આવ્યું હતું. કોચ તરીકે નિલેશ બારોટની નોંધપાત્ર ભૂમિકા રહી હતી. ખાસ ઉલ્લેખનીય બાબત તરીકે આઠ વર્ષીય નિક્ષા બારોટની ભાગીદારી ભારતના ઉજ્જવળ ભવિષ્ય અને યુવા શક્તિનું પ્રતીક બની છે.